## બંધના એલાનના પગલે...

- ગઈકાલે મોડી રાત્રે ઘ-રોડ પર ટોળાએ તોફાન મચાવ્યું હતું અને માર્ગના ડીવાઈડર પરના સાઈન બોર્ડ ઉખેડીને ફેંકી દીધા હતા.
- કલેક્ટર ઓફિસે પથ્થરમારો કરી કાચ ફોડી નંખાયા હતા.
- પીડીપીયુ ત્રણ રસ્તા પાસે એક એસટી બસ સળગાવાઈ.
- રાત્રે ઘ-૪ થી ઘ-૩ સુધીનો માર્ગ પોલીસે બ્લોક કરવો પડ્યો.
- નગરમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ.





- પેથાપુરમાં દુકાનો બંધ કરાવવા નીકળેલા ટોળા સામે જાગૃત નાગરિકોએ વિરોધ નોંધાવતા ટોળાએ ત્રણ બાઈક સળગાવી દીધા જેથી બંને જુથ સામસામે આવી ગયા હતા. છેવટે જાગૃત નાગરિકોએ તોફાનીઓને પકડી પોલીસને હવાલે કર્યા હતા.
- નગરના તમામ પેટ્રોલ પંપો બંધ કરાવી દેતા અનેક વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.
- સવારથી ૩૦-૩૫ બાઈક-સ્કૂટર સવારોએ નગરમાં જબરદસ્તી બંધ પળાવવા દબાણ કર્યું હતું. જેના કારણે લગભગ તમામ શોપીંગ સેન્ટરો, કોમ્પ્લેક્ષ બંધ રહ્યા હતા.
- ઉમા ભવનમાં પોલીસે પાટીદાર આગેવાનોને ઘેર્યા હતા અને આંદોલન અંગે વધુ આયોજન કરતા અટકાવ્યા હતા.
- નગરના પ્રવેશદ્વારો પર જડબેસલાક પોલીસ બંદોબસ્ત મુકાયો હતો અને બહારથી આવનારા તમામ વાહનોનું સઘન ચેકીંગ કરાયું હતું.





(તસવીર : દિપક જાની)

- વિધાનસભા સત્ર ચાલુ હોવાના કારણે પોલીસ આજે નગરમાં વધુ એલર્ટ રહી હતી.
- પોલીસખાતાના અધિકારીઓ ચ-૦ સર્કલ પાસે સ્ટેન્ડ-ટુ રહ્યા હતા અને નગરમાં પ્રવેશતા વાહનો પર ચાંપતી નજર રાખી હતી.
- પેથાપુરમાં મુખ્યમંત્રીના ફોટાવાળા હોર્ડિંગ્સ તોડી પડાયા હતા. પેથાપુર પોલીસચોકીની બહાર પોલીસ પહેરો મુકવો પડ્યો હતો.
- રાંધેજા ચોકડી પાસે ટોળાએ હુરિયો બોલાવી મુખ્યમાર્ગ પર આડશો મુકી દેતા ઉત્તેજનાનો માહોલ છવાયો હતો.
- મહુડી તરફના રંગરોયલ હોટલથી વાડીલાલ આઈસ્ક્રીમ ફેક્ટરી સુધીનો માર્ગ ટોળાએ બંધ કરાવી દીધો હતો.
- ચંદ્રાલા પાટિયા પાસે એક બસ ચાલકને ટોળાએ માર મારતા



ડ્રાયવરે પોલીસ ફરિયાદ નોંધાવી જેના પગલે પોલીસે ૧૫૦થી ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

- ચિલોડાના તિરૂપતિ કોમ્પલેક્ષ ખાતે ટોળાએ ફરજિયાત બંધ કરાવવા એક દુકાનદારને મારઝુડ કરી મારી નાંખવા સુધીની ધમકી આપી હતી. દુકાનદારે પોલીસ ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધ્યો હતો.
- લવારપુરમાં બે જુથ સામસામે આવી જતા ધીંગાણુ ખેલાય તેવી સ્થિતિ સર્જાઈ હતી અંતે સમજુ ગ્રામજનોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. ● ગાંધીનગરમાં આરએએફ, બીએસએફ તથા એસઆરપી જેવી પેરામિલિટ્રી ફોર્સની બે પ્લાટુન કંપની ઉતારાઈ હતી, જેમાંથી એક પ્લાટુન કલોલ અને બીજી ચિલોડા તરફ મોકલાઈ હતી. ● પોલીસ દ્વારા વિવિધ ગામના આગેવાનો સાથે બેઠકો યોજી શાંતિ જાળવવાની અપીલ સાથે પરિસ્થિતિ કાબુમાં લેવાના સઘન પ્રયાસો હાથ ધર્યા હતા.

# ગાંધીનગર ડેપોની બે બસો સળગી

# આજે પણ બપોર સુધી બસો બંધ રહેશે

### આંદોલને તોફાની રાહ અપનાવતા એસ.ટી. બસસેવા પણ પ્રભાવિત એસ.ટી. નિગમને પણ મોટુ નુકશાન

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સજ્જડ બંધની સાથે આજે એસ ટી બસ સેવા પણ સદંતર બંધ રહી હતી. સંકુલના પ્રવેશદ્વાર પાસે બસો આડી કરી દેવામાં આવી હતી જયારે અમદાવાદ ગાંધીનગર વચ્ચેના રૂટમાં સચિવાલય પોઈન્ટ સહિત બનતા અજંપાભરી સ્થિતિ વચ્ચે તોડફોડ અને આગચંપીના બનાવોથી ભારે તંગદીલી વ્યાપી છે. ત્યારે ગત રાત્રિથી તોફાની સમયે તોફાની તત્વો સક્રીય થતા ગાંધીનગર જિલ્લામાં પણ કલોલ વિસ્તારમાં તોડફાડ તેમજ ટોળાઓ દ્વારા હુમલો કરવામાં જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી કર્મચારીઓની પોઈન્ટ બસસેવા પણ બંધ રહી હતી. છેલ્લા બે દિવસમાં એસ ટી ડેપોને





(તસવીર : કશ્યપ નિમાવત)

જેના પરિણામે માર્ગો પર એક પણ એસ ટી બસ દોડતી જોવા મળી ન હતી પાટીદાર આંદોલનમાં તોફાની તત્વો સક્રિય થતા એસ ટી બસોને પણ આગ ચાંપી દેવામાં આવતી હોવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે.આજે ગાંધીનગર ડેપો સદંતર બંધ જોવા મળ્યો હતો. ડેપો એક પણ બસ દાડી ન હતી. જયારે ગત રાત્રિના ભાઈજીપુરા તેમજ છત્રાલ વિસ્તારમાં તોફાની ટોળાઓએ બસને આગ ચાંપવામાં આવી હતી. આજે પણ એસ ટી દ્વારા બપોર સુધી એસ ટી બસો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

પાટીદાર આંદોલન તોફાની ટોળા બેકાબુ બનતા ઘણી જગ્યાએ બસો સળગાવી દેવામાં આવી છે. આંદોલનમાં તોફાની તત્વોની હરકતથી જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડવામાં આવતા સમાજના શિક્ષિત વર્ગમાં આક્રોશ પ્રવર્તયો છે. પાટીદારોની મહારેલીના અંતે ગત રાત્રિના આવતો હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. જયારે આ દરમિયાન ગાંધીનગર ડેપોની બે બસો ભાઈજીપુરા તેમજ છત્રાલમાં તોફાની ટોળાઓએ સળગાવી દીધી હતી. આજે બંધના એલાનના પગલે ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા બસો બંધ રાખવામાં આવી હતી. પણ આર્થિક નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે. જયારે નાગરિકોએ પણ હાલાકી વેઠવી પડી છે. ગુરુવારે પણ એસ ટી ડેપો દ્વારા બસો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જો કે બપોર સુધી બસો બંધ રાખવામાં આવશે તેમ પણ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત બંધના એલાનને પગલે આજથી આરંભાયેલ વિધાનસભા સત્રમાં પણ મુલાકાતીઓની સંખ્યા ઓછી નોંધાઈ હતી.

● આજે પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ દહેગામના કનીપુર ગામે બે વ્યક્તીના મૃત્યુ થયા હોવાથી ત્યાં ગયા હતા અને ગ્રામજનોને શાંતિ જાળવવામાં સહયોગ આપવા સમજાવ્યા હતા.

● જિલ્લા પોલીસ વડા શ્રી યાદવ અને અન્ય પોલીસ અધિકારીઓ આખી રાત જાગ્યા હતા.

● ગાંધીનગર કલેક્ટર અને અન્ય અધિકારીઓ પણ આખી રાત સતત જાગ્યા હતા.

● પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ પરિસ્થિતિને જોઈ અને ચાલુ રાખવા માટેની સૂચનાઓ તંત્રએ આપી છે.

● ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૭ અને ૨૮ ઓગષ્ટના રોજ યોજાયેલ ઈન્ટરવ્યુ બંધ રાખવામાં આવ્યા છે.

● વર્ગ-૧ અને વર્ગ-૨ની મેઈન પરીક્ષા ૬ ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે.

# ગાંધીનગર શહેર અને જિલ્લાની શાળાઓ આજે બંધ રહેશે

## બુધવારે કેટલીક શાળાઓ ચાલુ રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ધક્કે ચઢયા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં બંધના એલાનના લીધે સવારથી જ શહેરમાં સન્નાટો જોવા મળ્યો હતો વેપાર ધંધાની સાથે શહેરની શાળા કોલેજો પણ બંધ રહી હતી. પરંતુ શાળાઓ બંધ હોવાની વાતથી અજાણ વાલીઓ અને વિદ્યાર્થીઓએ સ્કુલના દરવાજાથી પરત ફરવાનો વારો આવ્યો હતો. તો નગરની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને બે કલાક બેસાડી રાખવામાં આવ્યા હતા. પાટીદાર આંદોલનને લઈને સર્જાયેલી તંગદિલ પરિસ્થિતિને અનુલક્ષીને શિક્ષણ વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાટીદાર આંદોલન હીંસક બનતા જનજીવન પ્રભાવિત થયુ છે. ગત રાતથી વણસેલી પરિસ્થિતને ધ્યાને રાખી રાજયના શિક્ષણ મંત્રી દ્વારા શાળા કોલેજો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ રાત્રિના મોડેથી લેવાયેલા આ નિર્ણય અંગે વાલીઓ પણ અજાણ હોવાથી મોર્નિંગ સ્કુલ માટે નગરની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને મુકવા વાલીઓ પહોંચી જતા તેમને ધક્કો ખાઈને પરત ફરવાનો વારો આવ્યો હતો. આજે બંધના એલાનના પગલે નગરની મોટાભાગની શાળાઓ બંધ રહી હતી પરંતુ સેન્ટ ઝેવિયર્સ સહિતની શાળાઓમાં વિદ્યાર્થીઓ પહોંચી જતા દરવાજેથી પરત થવાનો વારો આવ્યો હતો. જયારે કેટલીક શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ રાખવામાં આવ્યુ હોવાછતા વિદ્યાર્થીઓને ૧૦ વાગ્યા સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. શહેરમાં બંધના એલાનના લીધે નગરની શાળાઓ બંધ રાખવાનો આદેશ હોવાછતા વાલીઓને અને વિદ્યાર્થીઓએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ મામલે નગરની શાળાઓને સુચના આપવામાં આવી હોવાની વાત સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો હતો. ગાંધીનગરમાં શાળાઓ બંધ રાખવા તેમજ શાળાના સમયમાં ફેરફાર કરવાની બાબતે સરકારના આદેશ બાદ પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તેમજ શાળાઓ વચ્ચે સંકલનનો અભાવ હોવાનો રોષ પણ વાલીઓમાં પ્રબળ બન્યો છે. શહેરમાં સજ્જડ બંધની સ્થિતિ વચ્ચે શાળા કોલેજો પણ બંધ રહેતા શૈક્ષણિક સંકુલમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો.





(તસવીર : કશ્યપ નિમાવત)





(તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાત બંધને પગલે સમગ્ર ગાંધીનગર શહેરમાં બંધનો માહોલ હતો.નગર સુમસામ ભાસતું હતું.રોડ રસ્તા પર કોઈ દેખાતુ નહોતું.નગરની ઓફીસોમાં બંધનો માહોલ જોવા મળયો હતો. શહેરની આર.ટી.ઓ.કચેરી ચાલુ હોવા છતા કોઈ અરજદાર ન આવતા કચેરીને લગતી કોઈકામગીરી થઈ નહોતી.કચેરી ખાલીખમ હોવાથી કર્મચારીઓ પણ બંધ અંગે વાતચીત કરતા નજરે પડયા હતા. તેમજ બીજી તસવીર સાયન્સ કોલેજ બંધના પગલે બંધ રહી હતી.

## હરિની દૃષ્ટિ...




ભલે, પેલા લોકો... ગુજરાત બંધ અમદાવાદ બંધનું એલાન કરે... પણ હું રૂ. સોનાં બંધનું એલાન કરું છું...!!

# સરકારી વાહનોના વપરાશ અંગે ચોક્કસ નીતિ જાહેર કરો

## શાકમાર્કેટમાં કે મંદિરોમાં દેખાતા સરકારી વાહનો પ્રજામાં રોષની લાગણી જન્માવે છે : સરકારી વાહનોનો કોમનપુલ બનાવી ઈંધણના બેફામ વ્યય પર અંકુશ સાધી શકાય

ગાંધીનગર, તા. ૨૬

સરકારી તંત્રમાં ઈંધણના વપરાશ અંગે કરકસરની વાતો માત્ર કાગળ પર રહી જવા પામી છે અને સરકારી વાહનો દ્વારા પેટ્રોલ-ડીઝલનો બેફામ વ્યય નાગરિકોના માનસમાં સરકારીતંત્ર તરફ નારાજગીની લાગણીને ઉત્તેજન આપવાનું કાર્ય કરે છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા લગભગ દોઢેક વર્ષ પહેલા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આ અંગે પત્ર લખી ચોક્કસ અને નક્કર સૂચનો કરાયા હતા. પરંતુ આજદિન સુધી રાજ્ય સરકાર દ્વારા આ અંગે કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી કે કરકસર અંગે કોઈ સ્પષ્ટ નીતિ જાહેર કરવામાં આવી નથી. ભારત સરકારની કરકસર અંગે પ્રશંસાપાત્ર નીતિને આધારે જાગૃત નાગરિક પરિષદ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ ઉપરોક્ત રજૂઆત કરાઈ હતી. દોઢ વર્ષથી ઉપરાંતનો સમય વીતવા છતાં સંબંધિત સરકારી વિભાગ કે ખાતા તરફથી વચગાળાનો કે આખરી જવાબ આપવામાં આવ્યો નથી તે વહીવટની બિનકાર્યક્ષમતા અને ઉદાસીનતાનું પ્રમાણ પુરૂ પાડે છે. ઇંધણના વ્યયનો પ્રશ્ન રાજ્યની સમગ્ર પ્રજાને સ્પર્શતો હોવા છતાં વહીવટીતંત્રની હળવાશ ગુમરાહ કરનારી જણાય છે. સામાન્ય પ્રજાનો સરકાર તરફનો વિશ્વાસ ડગી જાય તે હદે વહીવટીતંત્ર ઉપેક્ષા કરી રહ્યું છે. સરકારી વાહનોના વપરાશ અંગે ચોક્કસ નીતિ સત્વરે જાહેર કરી પ્રજા સમક્ષ ઉત્તમ વહીવટનું ઉદાહરણ પુરૂ પાડવાની તાકીદે જરૂરિયાત જણાય છે.

જાગૃત નાગરિક પરિષદ દ્વારા સરકારી વિભાગો અને ખાતાઓ માટે કોમનપુલ બનાવી વાહનોનો ઉપયોગ કરાય તો ઈંધણના વ્યયમાં બચત થઈ શકે તેવુ સૂચન વ્યક્ત કરવામાં આવ્યું છે. જ્યારે જે વિભાગ કે ખાતાના વાહનની જરૂર પડે તે માંગણી નોંધાવી વાહન ઉપલબ્ધ સરકારી વાહન અને ડ્રાયવરની સેવા લઈ શકે તેને કારણે વેસ્ટેડ ઈન્ટરેસ્ટ અને સરકારી વાહનોના અંગત ઉપયોગ પર નિયંત્રણ આવી શકશે. શાળા, શાકમાર્કેટ, બજાર કે મંદિરોમાં જોવા મળતા સરકારી વાહનો પર લગામ તાણી શકાશે. આ ઉપરાંત અનેક સરકારી કાર્યાલયોમાં પણ ઘણા વાહનો ખખડધજ હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. અને તેમની જાળવમીનો ખર્ચ પણ ઘણો વધારે આવી રહ્યો છે. પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા સરકારી અધિકારીઓ પર પણ તાકીદે નિયંત્રણની આવશ્યકતા છે. સરકારના અધિકારીઓ આમ જનતાના ટ્રસ્ટી છે અને નાગરિકોના પરસેવાના પૈસાનો સદુપયોગ કરે તે હિતાવહ છે.

